**તા. ૮/૭/૨૪ :** શાળાના ધો. ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓને પંડિત ઓમકારનાથ ઠાકુર કલાભવન ખાતે **જાદુગર મંગલનો શો** બતાવવામાં આવ્યો જેમાં વિદ્યાર્થીઓએ જાદુગર મંગલના જુદા જુદા જાદુના પ્રયોગો નિહાળ્યા.






**તા. ૧૦/૭/૨૪ :** શાળાના **ધો. ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓનું શિક્ષકો દ્વારા કાઉન્સેલિંગ** યોજવામાં આવ્યું. આ કાઉન્સેલિંગમાં શિક્ષક ભાઇઓ દ્વારા વિદ્યાર્થીઓને તથા શિક્ષિકા બહેનો દ્વારા વિદ્યાર્થીનીઓને **તારૂણ્ય અવસ્થાને લગતી બાબતો, સમસ્યાઓ અને તેમની મૂંઝવણો** અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.





**તા. ૧૧/૭/૨૪ : "વિશ્વ વસ્તી દિન"**ની ઊજવણી નિમિત્તે પ્રાર્થના સભામાં ધો. ૧૦/બ ની વિદ્યાર્થિની મોદી પ્રેક્ષા એન. એ વકતવ્ય રજૂ કર્યુ. માર્ગદર્શક શિક્ષકઃ મનિષાબેન જાદવ

**"કિશોરી ઉત્કર્ષ પહેલ"** પ્રોજેક્ટ અંતર્ગત શાળાની ધો. ૯ થી ૧૨ ની વિદ્યાર્થિની બહેનોની ત્રિ–દિવસીય તાલીમ આપવામાં આવી. આ તાલીમમાં શાળાની શિક્ષિકા બહેનો વંદનાબેન ભાભોર, કુસુમબેન માવર તથા 'કિશોરી ઉત્કર્ષ પહેલ' યોજનાના પ્રતિનિધિ ભાવનાબેન દ્વારા વિદ્યાર્થીની બહેનોને વિવિધ વિષયને અનુરૂપ તાલીમ આપી.





| **તારીખ** | **મોડયુલ** |
|---|---|
| ૧૫/૭/૨૪ | (૧) પોષણ (૨) હાઇજીન અને સ્વચ્છતા |
| ૨૨/૭/૨૪ | (૩) કિશોર પ્રજનન અને જાતીય સ્વાસ્થ્ય (૪) જીવન કૌશલ્ય |
| ૨૯/૭/૨૪ | (૫) કિશોરીઓનું કાનૂની રક્ષણ અને અધિકાર<br>(૬) સરકારી યોજનાઓ અને કાર્યક્ષમતા અંગેની જાણકારી અને સામેલગીરી |

**તા. ૧૦/૮/૨૪ :** નારાયણ બાપુના આશ્રમ ખાતે **શાળાના ધો. ૬ થી ૧૨ ના તેજસ્વી તારલાઓનું સન્માન તથા પારસમણિ અંક : ૫ ની વિમોચન વિધિ**નો કાર્યક્રમ યોજવામાં આવ્યો.




**તા. ૧૦/૮/૨૪ :** રોટરી કલબ ઓફ ભરૂચ ખાતે રાષ્ટ્રીય પર્વની ઊજવણીના ભાગરૂપે યોજાયેલ **દેશભકિત ગીતની સ્પર્ધા** માં ધો. ૧૧ વિ.પ્ર. ની વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. કન્વીનર શિક્ષકઃ ચીમનભાઇ પરમાર




**તા. ૧૨/૮/૨૪ :** ધો. ૧૧, ૧૦ અ,બ તથા તા. ૧૩/૮/૨૪ ના રોજ ધો. ૯ અ,બ ના **વિદ્યાર્થીઓના બુક-રીવ્યૂ** યોજવામાં આવ્યું જેમાં દરેક વિદ્યાર્થીઓએ પોતે વાંચેલા પુસ્તક વિશેની માહિતી આપી.

**તા. ૧૩/૮/૨૪ :** ભરૂચ નગરપાલિકા અને જીલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીના સંયુકત ઉપક્રમે **સ્વાતંત્ર્ય દિન અંતર્ગત રેલી**નું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં ધો.૯ અ,બ ના ૧૩૦ જેટલા વિદ્યાર્થીઓ તથા શાળાના શિક્ષકો કૌશિકભાઇ મિસ્ત્રી, મનિષાબેન જાદવ તથા સોહેલભાઇ ભરૂચીએ ભાગ લીધો હતો.




**તા. ૨૦/૮/૨૪ :** વિજ્ઞાન મંડળની પ્રવૃત્તિના ભાગરૂપે શાળામાં **વિશ્વ મચ્છર દિવસની ઉજવણી** કરવામાં આવી. જેમાં ધો. ૯ અ,બ ની વિદ્યાર્થીની ટંડેલ પ્રિયાંશી એ પ્રાર્થના સભામાં મચ્છરથી થતા રોગો અને તેના ઇતિહાસ વિશે માહિતી આપી હતી તથા શાળાના ગણિત-વિજ્ઞાન મંડળના ધો. ૯ ના વિદ્યાર્થીઓએ બુલેટિન બોર્ડ પર મચ્છર વિશેની માહિતી રજૂ કરી હતી.

**તા. ૨૪/૮/૨૪ : શાળામાં જન્માષ્ટમી પર્વની ઊજવણી** કરવામાં આવી. વિદ્યાર્થીઓએ મટકી ફોડી, આરતી કરીને હર્ષોલ્લાસ સાથે કૃષ્ણ જન્મના આ પર્વને ઉજવ્યો. શાળાના શિક્ષક અલ્પેશભાઇ પટેલ તથા કુસુમબેન માવરના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક જન્માષ્ટમી પર્વની ઊજવણી કરી.





**તા. ૧૭/૮/૨૪ :** SHE Team ભરૂચ ની પોલીસ બહેનો દ્વારા **ધો. ૯ ની વિદ્યાર્થિનીઓને Good Touch – Bed Touch,** ઘરેલુ હિંસા તથા તેને અનુરૂપ કાઉન્સેલિંગ તથા વિદ્યાર્થીનીઓને કોઇપણ પ્રકારની સતામણીના સંદર્ભમાં પોલીસ ખાતાની બહેનો દ્વારા વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું. આ ઉપરાંત તેમણે પોલીસની વિવિધ પ્રવૃત્તિઓ વિશે પણ જાણકારી આપી.






**તા. ૧૪/૯/૨૪ : શાળામાં હિન્દી દિનની ઉજવણી** કરવામાં આવી. જેમાં વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય ભાષા હિન્દીનું મહત્વ વિશે વકતવ્ય આપ્યું ઉપરાંત હિન્દીમાં કાવ્યગાન અને પઠન, ચુટકુલા અને દોહાની રજૂઆત કરી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને માર્ગદર્શન શિક્ષિકા શ્રીમતી મનિષાબેન જાદવે કર્યુ હતું.

**તા. ૫/૯/૨૪ : શિક્ષક દિનની ઊજવણી**ના ભાગરૂપે શાળામાં સ્વશાસન દિનનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ધો. ૧૨ ના વિદ્યાર્થી તથા વિદ્યાર્થિનીઓ દ્વારા ધો. ૯ થી ૧૧ના વિદ્યાર્થીઓને વિવિધ વિષયો શીખવવામાં આવ્યા. ધો. ૧૨ ના શિક્ષક વિદ્યાર્થી -વિદ્યાર્થિનીઓએ ખૂબ ખંત અને ઉત્સાહપૂર્વક શિક્ષક તરીકેનું પોતાનું કાર્ય કર્યુ.






**તા. ૫/૯/૨૪ : શિક્ષકદિન** નિમિતે જે.પી.આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, ભરૂચ ખાતે યોજાયેલ '**શ્રેષ્ઠ શિક્ષક**' ના એવાર્ડ સમારંભમા શાળાની ધો. ૯-બ ની વિદ્યાર્થિની માછી તેજસ્વી સતિષભાઇનું જ્ઞાનસાધના પરીક્ષામાં શ્રેષ્ઠ ગુણ પ્રાપ્ત કરવા બદલ સન્માન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં શાળાના આચાર્યા શ્રીમતી બિનીતાબેન તથા શિક્ષક શ્રી ચીમનભાઇ પણ હાજર રહ્યા હતા.






**તા. ૧૦/૯/૨૪ :** ભરૂચ જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ધો. ૧૦ ના વિદ્યાર્થીઓને **ધનુરની રસી** આપવામાં આવી.

**તા. ૨૧/૯/૨૪ : ડૉ. પુનિતભાઇ સુથાર** (એસો. પ્રોફેસર પેટલાદ સાયન્સ કોલેજ) દ્વારા ધો. ૧૧,૧૨ વિ.પ્ર.ના વિદ્યાર્થીઓને ભૌતિકવિજ્ઞાન વિષયના સંદર્ભમાં માર્ગદર્શન આપવામાં આવ્યું. તેમણે રોજીંદા જીવનમાં ભૌતિકવિજ્ઞાનની ઉપયોગિતા તથા ભૌતિકવિજ્ઞાન વિષયને લગતા કેટલાક મહત્વના મુદ્દાઓ વિશે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી. અતિથિ વિશેષ તરીકે **શ્રી હર્ષદભાઇ સુથાર** (નિવૃત્ત આચાર્ય) ઉપસ્થિત રહ્યા.